રજૂ તારીખ : ૨૦.૦૩.૨૦૨૬
દાખલ તારીખ : ૨૦.૦૩.૨૦૨૬
ફેંસલ તારીખ : ૦૭.૦૪.૨૦૨૬
અવધિ :

| વર્ષ | માસ | દિવસ |
|---|---|---|
| ૦ | ૦ | ૧૮ |

આંક–..........

## સુરતના મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ, મુ.સુરત

**જી.પી.આઈ.ડી. ફોજદારી પરચુરણ અરજી નં.૫૬/૨૦૨૬**

અરજદારઃ **હાર્દિકકુમાર અશોકભાઈ શાહ,**
ઉં.આ.૩૫ વર્ષ, ધંધોઃ વેપાર,
રહેવાસીઃ ઘર નં.૧૦, ડી.એમ. પાર્ક સોસાયટી,
જે.કે.પી. નગર સોસાયટી સામે,
સીંગણપોર–કતારગામ રોડ, કતારગામ, સુરત,
મૂળ રહે. ગામ દાઠા, તા.મહુવા, જિ.ભાવનગર.

વિરુદ્ધ

સામાવાળાઃ **શ્રી સરકાર.**

**વિષયઃ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૯૭ અન્વયે મુદ્દામાલ પરત મેળવવા માટેની અરજી.**

અરજદાર તરફે વિ.ધારાશાસ્ત્રીશ્રી વી.એસ.ચલીયાવાલા
સામાવાળા તરફે વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી આર.પી.ડોબરીયા

## <u>ચૂકાદો</u>

(૧) અરજદારે ચોકબજાર પોલીસ સ્ટેશન પાર્ટ-'એ' ગુના રજિ. નં.૧૧૨૧૦૦૧૨૨૫૧૧૫૫/૨૦૨૫ ના કામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૪૯૭ ની જોગવાઈ અન્વયે મુદ્દામાલ મોબાઈલ ફોન પરત મેળવવા માટે હાલની અરજી કરેલી છે.

(૨) હાલની અરજી સંદર્ભે આ કામના સામાવાળાને નોટિસ બજતા, ફરિયાદ પક્ષે વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસિક્યૂટરશ્રી આર.પી. ડોબરીયા હાજર થયેલ છે. તપાસ કરનાર અધિકારીએ આંક-૪ થી રજૂ કરેલ અભિપ્રાય તેમજ આંક-૫ થી રજૂ કરેલ પુરસીસ વંચાણે લીધા.

(૩) અરજદારના વિ.ધારાશાસ્ત્રીશ્રીએ હાલની અરજીની હકીકતોને અનુલક્ષીને રજૂઆત કરેલ છે કે, હાલના ગુનાના કામે અરજદારની માલિકીનો મોબાઈલ ફોન કબજે લેવામાં આવેલ છે. સદરહુ મોબાઈલ વધુ સમય બિનવપરાશી પડી રહે અને તે ઈલેક્ટ્રોનિક વસ્તુ હોઈ, તેની બેટરી, ટચ સ્ક્રીન વગેરેને નુકસાન થાય તેમ છે. સદરહુ મોબાઈલ ફોન તેમના દૈનિક કામકાજ માટે અગત્યનું સાધન હોઈ, તેમાં અરજદારના અગત્યના નંબરો હોઈ, તેમને સદર મોબાઈલ ફોનની આવશ્યકતા છે. જો તે મોબાઈલ ફોન તેમને પરત ન આપવામાં આવે તો તેમને અગવડ પડે તેમ છે. અરજદાર નામદાર કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરશે, જેથી અરજદારને તેમનો મોબાઈલ ફોન પરત આપવા વિનંતી કરેલ છે.

(૪) ફરિયાદ પક્ષ તરફે વિ.એડિશ્નલ પબ્લિક પ્રોસિક્યૂટરશ્રીએ તપાસ કરનાર અધિકારીના આંક-૪ ના સોગંદનામા આધારે રજૂઆત કરેલ

છે કે, અરજદાર–આરોપીએ સદર મોબાઈલ ફોન રોકાણકારોના નાણાંથી ખરીદ કરેલ છે. જો અરજદાર–આરોપીને મોબાઈલ ફોન પરત કરવામાં આવશે તો તેઓ તેનો ઉપયોગ બીજા ગુના કરવા માટે કરે, તેવી શક્યતા છે. વધુમાં તપાસ કરનાર અધિકારીના આંક–૫ ના પુરસીસ અન્વયે જાહેર કરેલ છે કે, અરજદાર–આરોપીના ઉપરોક્ત મોબાઈલમાં કોઈ અગત્યનો ડેટા રહેલ નથી, જે હકીકત ધ્યાને લઈ નામદાર કોર્ટને યોગ્ય અને ઉચિત જણાય, તેવો હુકમ કરવા રજૂઆત કરેલ છે.

(૫) અરજદારની અરજીની હકીકતો, બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓ દ્વારા કરવામાં આવેલ રજૂઆત, તપાસ કરનાર અધિકારીનો આંક–૪ નો અભિપ્રાય તેમજ રજૂ થયેલા પેપર્સ વંચાણે લેતાં એ હકીકત ફલિત થાય છે કે, ચોકબજાર પોલીસ સ્ટેશન પાર્ટ–'એ' ગુના રજિ. નં.૧૧૨૧૦૦૧૨૨૫૧૧૫૫/૨૦૨૫ ના કામે ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૧૬(૨), ૩૧૬(૫), ૬૧(૨), ૩(૫), ગુજરાત પ્રોટેક્શન ઓફ ઈન્ટરેસ્ટ ઓફ ડીપોઝીટર્સ (ઈન ફાયનાન્સીઅલ એસ્ટાબ્લીશમેન્ટ) એક્ટ, ૨૦૦૩ ની કલમ–૩ તથા પ્રાઈઝ ચીટ એન્ડ મની સરક્યુલેશન સ્કીમ્સ (બેનીંગ) એક્ટ, ૧૯૭૮ ની કલમ–૪, ૫, ૬ ના કામે અરજદારનો સેમસંગ કંપનીનો ગેલેક્ષી ઝેડ ફોલ્ડ ૭ મોડલનો મોબાઈલ ફોન કબજે લેવામાં આવેલ છે. અરજદાર તરફે કરવામાં આવેલ રજૂઆત મુજબ, સદર ગુનાના કામે કબજે લેવામાં આવેલ ઉપરોક્ત મોબાઈલ ફોન તેમની માલિકીનો છે; સદર મોબાઈલ ફોનની ખરીદી અંગેનું બીલ તેમણે નિશાની–૩/૪ થી રજૂ કરેલ છે. અરજદાર તરફે કરવામાં આવેલ રજૂઆત મુજબ, સદરહુ મોબાઈલ ફોન વધુ સમય બિનવપરાશી પડી રહે અને તે ઈલેક્ટ્રોનિક વસ્તુ હોઈ, તેની

બેટરી, ટચ સ્ક્રીન વગેરેને નુકસાન થાય તેમ છે. સદરહુ મોબાઈલ ફોન તેમના અંગત કામકાજ માટે અગત્યનું સાધન હોઈ, તેમાં અરજદારના અગત્યના નંબરો હોઈ, તેમને સદર મોબાઈલ ફોનની આવશ્યકતા છે. જો તે મોબાઈલ ફોન તેમને પરત ન આપવામાં આવે તો તેમને ઘણી અગવડતાનો સામનો કરવો પડે તેમ છે. અત્રે એ હકીકત નોંધનીય છે કે, સદર ગુનાની તપાસ પૂર્ણ થઈ ગયેલ છે અને અત્રેની કોર્ટમાં જી.પી.આઈ.ડી. ફોજદારી મુકદ્દમા નં.૧૦/૨૦૨૫ થી ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. ઉપરોક્ત તમામ હકીકતો લક્ષમાં લેતાં, અરજદારને કેટલીક ચોક્કસ શરતોને આધિન સદર મોબાઈલ ફોન વચગાળાના સમય માટે પરત આપવો ઉચિત જણાય છે, જેથી અરજદારની અરજી અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છેઃ–

**હુકમ**

૧. અરજદારની જી.પી.આઈ.ડી. ફોજદારી પરચુરણ અરજી નં.પ૬/૨૦૨૬ આથી **મંજૂર** કરવામાં આવે છે.

૨. ચોકબજાર પોલીસ સ્ટેશન પાર્ટ–'એ' ગુના રજિ. નં.૧૧૨૧૦૦૧૨૨૫૧૧૫૫/૨૦૨૫ ના કામે કબજે લવામાં આવેલ Samsung કંપનીનો Galaxy Z Fold 7 મોડલના મોબાઈલ ફોન (IMEI No. 355346210028864, 355421900028860) નો વચગાળાનો કબજો આ કામના અરજદાર **હાર્દિકકુમાર અશોકભાઈ શાહ** ને નિયમોનુસાર નીચેની શરતોને આધીન તેઓ સદર મોબાઈલ ફોનની પંચનામામાં દર્શાવેલ કિંમતથી દોઢી રકમના સદ્ધર જામીન અને તેટલી જ રકમના જાતમુચરકા રજૂ કર્યેથી સોંપવા હુકમ કરવામાં આવે છે.

**<u>શરતોઃ</u>**

(૧) અરજદારે સદરહુ મોબાઈલ ફોન કોઈને કોઈ પણ રીતે ટ્રાન્સફર કરવો નહીં તેમજ તેનો કબજો કોઈને કોઈ પણ પ્રકારે આપવો નહીં.

(૨) અરજદારે સદરહુ મોબાઈલ ફોન યથાવત પરિસ્થિતિમાં જાળવી રાખવો.

(૩) અરજદારે સદરહુ મોબાઈલ ફોન નામદાર કોર્ટ જ્યારે મંગાવે ત્યારે અચૂક રજૂ કરવાનો રહેશે.

(૪) **અરજદારે સંબંધીત પોલીસ સ્ટેશનના તપાસ કરનાર અધિકારી અથવા અન્ય અધિકૃત પોલીસ કર્મચારી રૂબરૂ સદર મોબાઈલ ફોનમાં રહેલા ડેટાની એક કોપી સી.ડી.માં રેકર્ડ કરાવી, તે સી.ડી. તપાસ કરનાર અધિકારીએ તપાસના કાગળોમાં સામેલ રાખવી અને ત્યાર બાદ સદર મોબાઈલ ફોન અરજદારને પરત કરવા હુકમ કરવામાં આવે છે.**

**૩.** આ હુકમની જાણ સંબંધીત પોલીસ સ્ટેશનને કરવી.

આ ચૂકાદો આજરોજ તારીખઃ **૭મી** માહે **એપ્રિલ,** સને **૨૦૨૬** ના રોજ સુરત મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સહી/-
**(રાહુલ અરૂણકુમાર ત્રિવેદી)**
સત્ર ન્યાયાધીશ, સુરત
[કોડ નં.જીજે૦૧૪૯૫]

DPP